## આણંદ ખાતે પશ્ચિમ ભારતના ખેડૂતો દ્વારા જમીન તથા પાણી સંરક્ષણની પહેલ વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાની ત્રિદિવસીય કાર્યશિબિરનો પ્રારંભ

:: આણંદ – તા. ૦૧/૦૨/૨૦૧૮, ગુરૂવાર ::

આજે વિશ્વમાં કલાઇમેન્ટ ચેન્જ પ્રતિ જાગૃતિ આવી છે. આવા વાતાવરણમાં કૃષિ, જમીન અને પાણીનું જતન કરવું આવશ્યક છે. મૌસમ અનિયમિત થઇ રહી છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ જેવી આવી પડનારી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જમીન અને પાણીનું રક્ષણ પ્રતિ જાગૃતિ કેળવવાની સાથોસાથ તેના જતન માટે આગળ આવવું પડશે. આવા સમયે ખેડૂતોએ સૂર્ય ઊર્જાનો વૈકલ્પિક સ્ત્રોત અપનાવવો પડશે. સૂર્ય ઊર્જાથી ખેડૂતને ચોવીસ કલાક વીજળી તો મળશે જ પણ જરૂર કરતાં વધુ વીજળી ઉત્પન્ન થતાં વધારાની વીજળી ગ્રીડને વેચવાથી ખેડૂતને સોલર ઊર્જાથી આવક પ્રાપ્ત થશે તેમ શિબિરના મુખ્ય મહેમાન પદેથી રાજયના અધિક મુખ્ય સચિવ શ્રી સંજયપ્રસાદે કહ્યું હતું.

આજે આણંદ ખાતે જમીન, અને પાણી સંરક્ષક સંઘ, દહેરાદૂન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ભારતીય જમીન અને પાણી સંરક્ષણ સંસ્થા, દહેરાદૂનના સંયુકત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટીના બં. અ. કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલમાં પશ્ચિમ ભારતના ખેડૂતો દ્વારા જમીન અને પાણી સંરક્ષણની પહેલ વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાની ત્રિદિવસીય કાર્યશિબિરનો અધિક મુખ્ય સચિવ શ્રી સંજયપ્રસાદએ પ્રારંભ કરાવતાં જમીનમાં ખારાશ વધવા પામી છે ત્યારે આપણે અનેક નવી પધ્ધતિઓને અપનાવીને જમીનમાં આવતી ખારાશને અટકાવવી પડશે તેટલું જ નહીં પણ જળસંચય, જળસંગ્રહ, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અને વિવિધ સિંચાઇ પધ્ધતિઓ અપનાવીને આ ક્ષેત્રે આગળ વધવું પડશે તેમકહ્યું હતું.

શ્રી સંજયપ્રસાદે ખેડૂતોને આધાર કાર્ડ સાથે જોડી દઇને ખાતર આપીને તેમને સબસીડી સીધી તેમના ખાતામાં જમા થાય તેવું વ્યવસ્થાતંત્ર રાજય સરકાર દ્વારા ગોઠવવામાં આવ્યું છે તેનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે આના કારણે ખાતરના કાળા બજાર બંધ થઇ જશે. રાજય સરકાર દ્વારા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવતાં હોવાથી ખેડૂતોની જમીન ખરાબ થતી બચે છે અને તેના કારણે ખેડૂતને તેમની જમીનમાં કયો પાક લેવાથી વધુ ઉત્પાદન અને આવક મળી શકે છે તેનો ખ્યાલ આવે છે તેમ જણાવી આવી રાષ્ટ્રીય શિબિરો ખેડૂતોની આવક બમણી કરવા માટે મહત્વની ભૂમિકા અદા કરશે તેવો આશાવાદ વયકત કર્યો હતો.

ફાર્મસ કમિશન, કણાર્ટકના પૂર્વ ચેરમેન અને શિબિરના અતિથિવશેષ તરીકે ઉપસ્થિત રહેલ ડૉ. એસ. એ. પાટીલે કિસાનોના જ્ઞાનમાં વધારો કરવા તેમના મન સુધી પહોંચીને તેમના મનને જગાડવું પડશે. કૃષિ વૈજ્ઞાનિકો સિવાય ખેડૂતો પણ પોતાની રીતે ખેતીમાં પોતાના ખેતરમાં અવનવા પ્રયોગો અને સંશોધનો કરે છે તેવા ખેડૂતોને પ્રોત્સાહિત કરી આવા ખેડૂતો અન્ય

ખેડૂતોને આવા સંશોધનો અંગેની જાણકારી આપશે તો અન્ય ખેડૂતોના ખેતરોમાં પાકની વૃધ્ધિ પામને તો આપોઆપ ખેડૂતોની આવક બમણી થઇ જશે તેમ જણાવી કિસાનોને તેમના પાકનું મૂલ્યવર્ધન કેવી રીતે કરવું જોઇએ તેની સમજ આપવા અને આવક વધુ થાય તે માટે યોગ્ય બજાર વ્યવસ્થા ઉભી કરવા સુચવ્યું હતું.

શ્રી પાટીલે જેમ આપણે સામાજિક રિવાજો માટે આયોજન કરીએ છીએ તેમ ખેતી માટે યોગ્ય આયોજન કરવા ઉપર ભાર મૂકી કિસાનોને એગ્રો બીઝનેશમાં લઇ જવાની સાથોસાથ કિસાનને વેપારી બનાવવા ઉપર ભાર મૂકયો હતો. તેમણે આ પ્રસંગે કૃષિ ક્ષેત્રે આપબળે સંશોધન કરીને પોતાના ખેતરમાં પાક ઉત્પાદન વધુ મેળવીને મબલખ કમાણી કરતાં થયાં છે તેવા ખેડૂતોની વિગતો શિબિરમાં રજૂ કરી કિસાનો અને વૈજ્ઞાનિકોના સમન્વયથી હરિત ક્રાંતિ લાવી શકાશે તેમ જણાવી કિસાનોને જમીન અને પાણી સંરક્ષણ ક્ષેત્રે તન-મનથી લાગી થઇશું ચોકકસ આપણે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કિસાનોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી કરવાનું જે સ્વપન સેવ્યું છે તેનાથી પણ આગળ વધીને કિસાન લખપતિ નહીં પણ કરોડપતિ બનશે તેવી આશા વ્યકત કરી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી.પટેલે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કિસાનોની આવક બમણી થાય તે માટે કૃષિ વિભાગ અને કૃષિ યુનિવર્સિટી દ્વારા જમીન થી બજાર વ્યવસ્થા સુધીનો સમાવેશ કરતી પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે જે પુસ્તિકામાં ઉદાહરણ સહિતની સત્ય હકીકતોનો સમાવેશ કરવામાં આવેલ છે જે ખેડૂતો માટે ઉપકારક સાબિત થઇ છે જે પુસ્તિકા વેબસાઇટ પર પણ મૂકવામાં આવી હોવાનું યુનિવર્સિટીઓ દ્વારા ૫૬૦૦ કિવ. સીડઝ અને વર્મી કંપોસ્ટ સીધા ખેડૂતોને આપવામાં આવતું હોવાનું જાણકારી આપી હતી.

શ્રી પટેલે જમીન, પાણી અને સિંચાઇ કેવી રીતે વધારી શકાય તે બાબતની વિચારણાની સાથોસાથ શિબિર દરમિયાન કુદરતી સંપદાને વધુ સારી રીતે કેવી રીતે સુગ્રથિત કરી શકાય તે અંગેનો વિચાર વિમર્શ કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત સરકારના અલગ-અલગ વિભાગો અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી રાજય સરકારે વોટર શેડ મેનેજમેન્ટ ક્ષેત્રે રાજયમાં સારૂં એવું કામ કરનાર એક માત્ર ગુજરાત પહેલું રાજય છે તેમ જણાવી કિસાનોને ખેતી ખર્ચ, ખેત મજૂરી, સમયનો બચાવ તેમજ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ખેડૂતોને વધુ સારી રીતે આગળ વધવાની જરૂરિયાત હોઇ આ ક્ષેત્રે કેવી રીતે આગળ વધી શકાય તે અંગેની જાણકારી આપવાની જરૂરીયાત ઉપર ભાર મૂકી આ કાર્યશિબિર ખેડૂતોને જમીન અને પાણી સંરક્ષણ ક્ષેત્રે યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડવાની સાથોસાથ તેમની આવકમાં વધારાનો સાબિત કરનારી બની રહેશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

પ્રારંભમાં ભારતીય જમીન અને પાણી સંરક્ષણ સંસ્થા, દહેરાદૂનના પ્રમુખ ડૉ. પી.કે.મિશ્રાએ સ્વાગત પ્રવચન કરી કાર્યશિબિર અંગેની વિગતો આપતાં કહ્યું હતું કે આ કાર્યશિબિર દરમિયાન સૌ પ્રથમ ખેડૂતો તેમની સમસ્યા અને તેઓએ કરેલા સંશોધનો અને પ્રયોગો રજૂ કરશે ત્યારબાદ વૈજ્ઞાનિકો તેમની સમસ્યાઓ અને સંશોધનો પ્રતિ સમજ આપી તેઓના પ્રશ્નોનું નિરાકરણ કરશે જેથી કિસાનો ખેતીમાં સુધાર લાવી તેઓની આવકમાં વધારો કરી શકે. તેમણે ખેત પાકોમાં સુધારાની સાથે ગુણવત્તાયુકત ઉપજ મેળવીને કિસાનો તેઓની આવક બમણી કરી શકે તે માટે ગુજરાત સરકાર આ ક્ષેત્રે ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે તેનો ઉલ્લેખ કરી આ ત્રિદિવસીય કાર્યશિબિર કિસાનો માટે એક દિશાસૂચક બની રહેશે તેમ કહ્યું હતું.

આ ત્રિદિવસીય કાર્યશિબિરમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દીવ-દમણ અને દાદરા, નાગર હવેલીના કિસાનો ભાગ લઇ રહ્યા છે. આ પ્રસંગે સોવિનિયર અને કૃષિલક્ષી પુસ્તિકાનું શ્રી સંજયપ્રસાદ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉત્તરપ્રદેશના આગ્રાના નિવૃત્તા વૈજ્ઞાનિક આચાર્ય ડૉ. એલ.એસ.ભૂષણને એસોસિએશન દ્વારા વર્ષ-૨૦૧૭ના લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડથી, નબીબાગ, ભોપાલના વૈજ્ઞાનિક આચાર્ય ડૉ. બ્રિજલાલ લાકારિયાને ભારતીય જમીન અને પાણી સંરક્ષણ સંસ્થા ફેલોશીપ એવોર્ડથી, હૈદ્રાબાદના ડૉ. બટ્ટુ ક્રિષ્ણા રાવને સંશોધક/વૈજ્ઞાનિક તરીકેનો ગોલ્ડ મેડલ એવોર્ડથી, દહેરાદૂનના ડૉ. રમણજીતસિંગને અને ઓરિસ્સાના કોરતપૂતના ડૉ. પ્રવિણ જાખરને યુવા વૈજ્ઞાનિકનો એવોર્ડ આપીને જયારે બેસ્ટ રીસર્ચ પેપરના એવોર્ડ વી.સાલ્વી અને બિપુલ દેકાને આપની સન્માનિત કરવામાં આવ્યા હતા.

અંતમાં શિબિરના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી શ્રી પી.બી.ભટનાગરે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે  આણંદ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ નિયામક ડૉ. અરૂણ પટેલ, ડૉ. કે. બી. કથિરિયા, ભારતીય જમીન અને પાણી સંરક્ષણ સંસ્થા, દહેરાદૂન અને વાસદના વૈજ્ઞાનિકો, આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, રાજય સહિત વિવિધ રાજયોમાંથી આવેલ કિસાનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે કિસાનો માટે યોજવામાં આવેલ કૃષિલક્ષી વિવિધ સાધન-સામગ્રી રજૂ કરતાં પ્રદર્શનને પણ ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો.


B. A. COLLEGE OF AGRICULTURE


AAU
Conference on
" Farmers First for Conserving Soil and Water Resources in Western Region "
(FFSCWR-2018)


Conference on
" Farmers First for Conserving Soil and Water Resources in Western Region "


for Conserving So
GSLDC
NBA, India


(FFSCWR-2018)
ruary 1-3, 2018
rganized by
Water Cons
nists, Del
ration with
iversity, A
at


GSLDC
NBA, India

